**<u>રે.દીવાની કેસ નં.૨/૧૭</u>**
**(જુનો રે.દીવાની કેસ નં.૧૭/૨૦૦૮)**

**<u>અરજી આંક.૧ અન્વયે હુકમ:-</u>**

વાદી તરફે વિ.વ.શ્રીને સાંભળ્યા.

વાદી એમ.જી.વી.સી.એલ.,સબ ડીવી.(રુરલ હાલોલ)જી.પંચમહાલનાઓએ પ્રતિવાદી વિરુધ્ધ રુા.૩૦૮૪૫/- વીજ ચોરી બીલની રકમ વસુલ લેવા માટે આ દાવો તા.૧૬/૧૦ /૨૦૦૮ના રોજ ઈલે.સ્પે.કોર્ટમા પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ કોર્ટ એટ ગોધરામાં દાખલ કરેલ છે ત્યારબાદ હાલોલ મુકામે ફુલ ટાઈમ ઈલે.સ્પે.કોર્ટ અને એડી.સેશન્સ કોર્ટ શરુ થતા અને દાવો અત્રેની કોર્ટમાં ટ્રાન્સફર થઈ આવતા તેને નવો નંબર આપવામાં આવેલ છે.

નામદાર સુપ્રિમ કોર્ટે સીવીલ અપીલ નં.૨૦૮૪૨/૧૭ નોર્થ દીલ્હી પાવર લી. કે જે ટાટા પાવર દીલ્હી ડીસ્ટ્રીબ્યુશન લી. તરીકે ઓળખાય છે વિરુધ્ધ દેવેન્દ્રસીંગ તથા અન્યના ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે ઈલે.સીટી એકટ-૨૦૦૩ની કલમ-૧૩૫ થી ૧૪૦ તથા ૧૫૩ થી ૧૫૬ નુ ઈન્ટરપ્રિટેશન કરતા ઠરાવેલ છે કે સ્પે.ઈલે.કોર્ટ એકટ તે કોર્ટ ઓફ સેશન્સ છે અને તે કાયદા અન્વયે થતા ગુનાઓની ટ્રાયલ ચલાવવા માટે સ્થાપિત કરવામા આવેલી છે પરંતુ કોઈ પણ રીતે એવુ અનુમાન કરી શકાય નહી કે, દીવાની દાવા તે આ કોર્ટની હકુમતમાં આવે છે.

વધુમાં નામદાર પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ જજ સાહેબ પંચમહાલ એટ ગોધરાનાઓએ તેઓના નોટીફીકેશન નં.બી/એડીએમ/૧૧૮૬/૨૦૧૯,તા.૨૩/૭/૧૯ થી નામદાર સુપ્રિમ કોર્ટના ઉપરોકત ચુકાદાને ધ્યાનમાં લઈ ઈલે.સીટી એકટ-૨૦૦૩ અન્વયે દીવાની દાવાઓ અને તેની દરખાસ્તો જે સ્પે.કોર્ટ/એડી.ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટમા દાખલ કરેલી હોય તેને નાણાંકીય અને ક્ષેત્રીય હકુમત ધરાવતી સબંધીત દીવાની અદાલતમાં ટ્રાન્સફર કરવા સી.પી.સી.કલમ-૨૪ અન્વયે હુકમ કરેલ છે માટે આ દાવો ટ્રાન્સફર કરવાનો થતો હોય નીચે મુજબ આખરી હુકમ કરુ છુ.

<u>**હુકમ**</u>

૧. પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ જજ,પંચમહાલ એટ ગોધરા સાહેબના ઉપરોકત નોટીફીકેશનથી કરેલ હુકમ મુજબ આ દાવો ક્ષેત્રીય અને નાણાંકીય હકુમત ધરાવતી સીવીલ કોર્ટ પંચમહાલ એટ હાલોલમાં આથી ટ્રાન્ફર કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

૨. રજીસ્ટ્રીએ તાત્કાલી આ દાવાનુ અસલ રેકર્ડ સંબંધીત અદાલતને મોકલી આપવુ.

તા: ૨૫/૦૭/૨૦૧૯
મુ.હાલોલ.

(અતુલકુમાર વિનોદભાઈ હીરપરા)
પાંચમા એડી. સેશન્સ જજ,
પંચમહાલ, મુ. હાલોલ.
CODE-GJ00656